અરજી નં.૩૫૮,૩૫૯,૩૬૨/ તા.૨૪–૨–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની અપીલ નં.૩૫૮ તા.૨૨–૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૬ /૨૫૮૧/૨૫૮૬ ની બાજુમાં, અપીલ નં.૩૫૯ તા.૨૭–૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૬/ ૨૫૫૮ ની બાજુમાં, અપીલ નં.૩૬૨ તા.૧૯–૧–૦૯ થી હવાડીયા ચકલા ચાર રસ્તા પાસે અંબાજી રોડ થી આવતાં બોમ્બે હાઉસ તરફ જતાં માર્ગે ચૌટા બજાર ગોપીપુરા અંબાજી રોડ બોમ્બે હાઉસ તરફ જતાં ચાર રસ્તા ઉપર ચાલતાં નવા બાંધકામ બાબતે સદર જગ્યાના સર્વેનંબર,પ્લાન કોણે પાસ કર્યો, આર્કીટેકના નામ સરનામાં, એલાઈમેન્ટ પાર્કીગ છોડી છે ખરી? અને ગેરકાયદેસર બાંધકામ કેટલું વિગેરે વિગતે માંગવામાં આવેલી માહિતી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૫૮,૩૫૯,૩૬૨/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની અપીલ નં.૩૫૮ તા.૨૨–૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૬ /૨૫૮૧/૨૫૮૬ ની બાજુમાં, અપીલ નં.૩૫૯ તા.૨૭–૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૬/ ૨૫૫૮ ની બાજુમાં, અપીલ નં.૩૬૨ તા.૧૯–૧–૦૯ થી હવાડીયા ચકલા ચાર રસ્તા પાસે અંબાજી રોડ થી આવતાં બોમ્બે હાઉસ તરફ જતાં માર્ગે ચૌટા બજાર ગોપીપુરા અંબાજી રોડ બોમ્બે હાઉસ તરફ જતાં ચાર રસ્તા ઉપર ચાલતાં નવા બાંધકામ બાબતે સદર જગ્યાના સર્વેનંબર,પ્લાન કોણે પાસ કર્યો, આર્કીટેકના નામ સરનામાં, એલાઈમેન્ટ પાર્કીગ છોડી છે ખરી?અને ગેરકાયદેસર બાંધકામ કેટલું વિગેરે વિગતે માંગવામાં આવેલી માહિતી બાબતે શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના અનુક્રમે પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૧૪૨૭ ,૧૪૨૬,તા.૧૯–૨–૦૯ થી આપેલ માહિતી ખોટી તેમજ માંગ્યા મુજબ ન હોવાનું જણાવી સેન્ટ્રલ ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૧૬ તા.૧૮–૨–૦૯ થી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારની ત્રણેય અલગ અરજી અને અપીલ હેઠળ બાજુની કે સામેની મિલ્કતની માહિતી માંગેલ છે. તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઈન્કાર માટે સરખું કારણ જણાવેલ હોઈ અપીલ તબકકે ત્રણેય અરજીનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૮૬,૧૧૮૭, ૧૧૮૩ તા.૭–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સ ેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અનુક્રમે સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૬૧૬ તા.૨૩–૩–૦૯ થી "સદર મિલ્કતની બાજુમાં બીજા કોલમ લઈ કોઈ નવી દુકાનો બનાવવામાં આવી રહેલ નથી માત્ર આંતરિક રીપેરીંગ કરવામાં આવેલ છે. જયારે અપીલ નંબર ૩૫૯ બાબતે પત્ર નં. ૧૬૧૮ તા.૨૧–૩–૦૯થીચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી અત્રેથી માહિતી આપી શકાશે. તેવું જણાવતી પૂરક વિગત અત્રેના વિભાગને મળેલ છે. જયારે અપીલ નં.૩૬૨ અંગે આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.અરજદારે પણ કલમ–૧૯(૧) તથા નિયમ–૬ ની જોગવાઈઓ જોતાં ચોકકસ માહિતી માંગવાની બાબત પર ભાર મુકાયેલ છે અને તેવી સ્પષ્ટ વિગતો અપીલમાં આપવાની રહે છે પરંતુ નિર્દિષ્ટ મિલ્કત જેને માટે માહિતી જોઈએ છે તે પુરી પાડેલ જણાતી નથી.

અરજદારની તા. ૨૨–૧–૦૯, તા.૨૭–૧–૦૯ અને તા.૧૯–૧–૦૯ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ નથી. અને અરજદારને ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માંગ્યા મુજબની માહિતી આપી શકાય તેવો પ્ર ત્યુત્તર અનુક્રમે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૪૨૭,૧૪૨૬, તા.૧૯–૨–૦૯ તથા ૧૪૧૬ તા.૧૮–૨–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલા છે. જેના અનુસંધાને અરજદારે આજુ બાજુના ચોકકસ સર્વે નંબર અને સથળ સહિત જગ્યા લોકેશન બરાબર આપવા છતાં અમોને માહિતી પૂરી પાડવામાં આવેલ નથી તેવી રજુઆત કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૪(૧) (સી) અને (ડી) લોકોને અસર કર્તા નિર્ણયો જાહેર કરતી વખતે જાહેર સત્તા મંડળ સબંધિત તમામ હકીકતો પ્રસિધ્ધ કરવાની રહે છે. વહીવટી તથા અર્ધ અદાલતી નિર્ણયો માટે કારણો આપવા જોઈશે. તેવી જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજી કે અપીલના તબકકે તેના અમલી કરણની કોઈ વિગતો પુરી પાડેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કલમ ૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી. વધુમાં દેખરેખ અને નિયંત્રણ સત્તાની કક્ષાએ તેવી બાબતોની દફતર નિભાવણી કરવાની રહે છે. કાયદાની કલમ–૨૫ હેઠળ તેનું હાર્દ અને જોગવાઈના અમલીકરણ પરત્વે પણ ભાર મુકાયેલ છે. તે ધ્યાને લેતાં ઉપલબ્ધ દફતર પરથી માંગેલ માહિતી આપી શકાય.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા. ૨૨–૧–૦૯, તા.૨૭–૧–૦૯ અને તા.૧૯–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. અને અરજદારને ચોકકસ મિલ્કત નંબર જણાવ્યેથી માહિતી પુરી પાડવામાં આવશે તેવું જણાવવામાં આવેલ છે. જે બાબતે અપીલ નં.૩૫૯ અરજદારની તા.૨૭–૧–૦૯ ની અરજી અંગે જાહેર માહિતી અધિકારીએ અત્રે મોકલેલ પૂરક વિગત અનુસારની દફતરી માહિતી તથા અપીલ નં.૩૫૮ અને ૩૬૨ અંગે કલમ–૪(૧) (સી) અને (ડી) ની જોગવાઈને અનુસરી નિર્દિષ્ટ વિસ્તારના બાંધકામ મંજુરી તથા નિયંત્રણને લગતાં દફતર નિભાવણીની વિગતો પરથી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડી અરજદારની મુળ અરજીઓના પરિપ્રેક્ષ્યમાં અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં માહિતી પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,